**રાજ્ય સરકારે એસ.ટી. નિગમ પાસેથી લ્હેણી રકમ**

* **15/4/1401 શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા): **માનનીય વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ પાસેથી રાજ્ય સરકારે કેટલી રકમ લેવાની નીકળે છે,

(૨) ઉક્ત લેવાની નીકળતી રકમ પેટે વેરા, લોન, વ્યાજ અને અન્ય કયા પ્રકારની કેટલી રકમ છે, અને

(૩) ઉક્ત બાકી રકમ વસુલવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલા લીધા?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ પાસેથી રાજ્ય સરકારે રૂ.૪૧૨૩.૫૭ કરોડની રકમ લેવાની નીકળે છે.

(૨) રાજ્ય સરકારશ્રીને તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ નિગમ પાસેથી નીચે મુજબની રકમ લેવાની થાય છે.

| ક્રમ | વિગત | તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારને નિગમ પાસેથી લેવાની બાકી રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| ૧ | ચુકવવાના બાકી પેસેન્જર ટેક્ષની રકમ | ૪૪૦.૪૪ |
| ૨ | ચુકવવાના બાકી મોટર વ્હીકલ ટેક્ષની રકમ | ૧૧.૪૫ |
| ૩ | ચુકવવાના બાકી લોનની રકમ | ૩૬૭૧.૬૮ |
| ૪ | ચુકવવાના બાકી લોનના વ્યાજની રકમ | ૦.૦૦ |
| | કુલ | ૪૧૨૩.૫૭ |

(૩) નિગમના બજેટમાં મુડીફાળા પેટે કરવામાં આવતી જોગવાઈ પૈકી નિગમની વખતોવખતની દરખાસ્ત મુજબ લોન સરભર કરવામાં આવે છે.

---